RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 17, Dt.01-04-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નવા નાણાંકીય વર્ષે શેરબજાર-સોના-ચાંદીમાં જોરદાર તેજી

## સેન્સેક્સ ૭૪૦૦૦ને આંબ્યો, નીફ્ટી ૨૨૫૨૯ તથા સોનુ ૭૧૫૦૦ની નવી ઉંચાઈઃ ભારતીય અર્થતંત્રમાં જોરદાર વિકાસ દર રહેવાનો આશાવાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા નાણાકીય વર્ષના પ્રારંભે જ શેરબજાર તથા સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાઈ હતી. શેરબજારમાં સેન્સેક્સ ૭૪૨૫૪, નિફ્ટી ૨૨૫૨૯ની નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. સોનુ ૭૧૦૦૦ની સપાટીને વટાવીને ૭૧૦૦૦ને પાર થયુ હતું.



ભારતમાં આજથી નવા નાણાકીય વર્ષની શરૂઆત થઈ છે. પ્રથમ દિવસે જ કોમોડીટી- શેરમાર્કેટમાં જબરદસ્ત તેજી જોવા મળી હતી. ભારતીય અર્થતંત્રમાં જોરદાર વિકાસદર રહેવાનો આશાવાદ, વિદેશી સંસ્થાઓની જંગી ખરીદી, લોકસભા ચૂંટણીમાં ફરી મોદી સરકાર રચાવાનો.

ત્યારબાદ નવા આર્થિક સુધારા આવવાનો આશાવાદ જેવા કારણોની સારી અસર હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચુંટણી પુર્વે માર્કેટ નવી ઉંચાઈને આંબવાની અટકળો હતી જ અને તે મુજબ તેજીમાં ધમધમી રહ્યું છે.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ઉછાળો હતો. રિલાયન્સ, હિન્દાલ્કો, જેએસડબલ્યુ સ્ટીલ સહિત તમામ શેરોમાં ઉછાળો હતો. રોકડાના શેરો પણ ઉછળ્યા હતા. મેટલ, ઓટો, પીએસયુ, કેપીટલ ગુડ્ઝ, આઈટી સહીતના ક્ષેત્રોમાં સાર્વત્રિક તેજી હતી.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૫૦૫ પોઈન્ટના ઉછાળાથી ૭૪૧૫૭ સાંપડયો હતો તે ઉંચામાં ૭૪૨૫૪ તથા નીચામાં ૭૩૯૪૩ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૭૨ પોઈન્ટના ઉછાળાથી ૨૨૪૯૯ હતો. તે ઉંચામાં ૨૨૫૨૯ તથા નીચામાં ૨૨૪૪૩ હતો.

સોના-ચાંદીમાં પણ જોરદાર તેજી હતી. અમેરિકી વ્યાજદર જૂનમાં ઘટવાના સંકેતો વચ્ચે વૈશ્વિક સોનુ ૩૧ ડોલર ઉંચકાઈ ને ૨૨૬૪ ડોલર હતું. રાજકોટમાં હાજર સોનુ ૧૨૦૦ના ઉછાળાથી ૭૧૫૦૦ હતુ. કોમોડીટી એક્સચેંજમાં ૬૮૯૩૦ હતું તેમાં ૧૨૫૦ રૂપિયાનો ઉછાળો હતો.

વર્ષ ૨૦૨૩ની શરૂઆતમાં સોનું ૫૪,૮૬૭ રૂપિયા પ્રતિ ગ્રામ હતું, જે ૩૧ ડિસેમ્બરના રોજ ૬૩,૨૪૬ રૂપિયા પ્રતિ ગ્રામે પહોંચ્યુ હતું. એટલે કે વર્ષ ૨૦૨૩માં તેની કિંમત રૂ. ૮,૩૭૯ (૧૬%) વધી. તેમજ, ચાંદી પણ રૂ. ૬૮,૦૯૨થી વધીને રૂ. ૭૩,૩૯૫ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી.

બજારના જાણકારોના મતે આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધારો જોવા મળી શકે છે. આ કારણે આ વર્ષના અંત સુધીમાં સોનું ૭૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. સાથે જ ચાંદી પણ ૭૫ હજાર રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

# ટેક્સ બાબતે કોંગ્રેસ પર ૨૪ જુલાઈ સુધી કોઈ કાર્યવાહી નહીં

## ઈન્કમટેક્સ વિભાગે સુપ્રીમ કોર્ટમાં આપી જાણકારીઃ આ મામલે સુનાવણી તા.૨૪ જુલાઈ સુધી મુલત્વી રહી

**મુખ્ય સમાચાર, નવીદલ્હી**

ઈનકમ ટેક્સ રિકવરી વિરૂદ્ધ કોંગ્રેસને મોટો રાહત મળી છે. સુપ્રીમ કોર્ટમાં સોમવારે (૧ એપ્રિલ) ઈનકમ ટેક્સ વિભાગની નોટિસ વિરૂદ્ધ કોંગ્રેસે દાખલ કરેલી અરજી પર સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટે આશ્વાસન આપ્યું કે હાલ આ મામલે કોઈ એક્શન નહીં લેવામાં આવે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોની વાત સાંભળતા આ મામલે સુનાવણી ૨૪ જુલાઈ સુધી ટાલી દીધી.



સુનાવણી દરમિયાન ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતા હાજર થયા. તેમણે કહ્યું કે, પઅમે નથી ઈચ્છતા કે કોઈ પાર્ટીને ચૂંટણી લડવામાં તકલીફ સર્જાય, એટલા માટે હાલ ૧૭૦૦ કરોડ રૂપિયાની વસૂલી માટે પગલા નહીં ભરવામાં આવે. સોલિસીટર જનરલે જસ્ટિસ બીવી નાગરત્નાની પીઠને અપીલ કરી કે નોટિસ વિરૂદ્ધ મામલે સુનાવણીને ચૂંટણી બાદ સુધી ટાળી શકાય છે. કોંગ્રેસ ૧૩૫ કરોડ રૂપિયાની વસૂલી વિરૂદ્ધ કોર્ટ પહોંચી હતી.

સોલિસીટર જનરલે કહ્યું કે, પતેમની (કોંગ્રેસ) અરજીમાં મર્યાદિત માંગ કરાઈ છે, પરંતુ અમે તેને આગળ વધારતા કહી રહ્યા છીએ કે હાલ ૧૭૦૦ કરોડ રૂપિયાની અથવા કોઈ બીજી રકમની વસૂલી માટે કોઈ પગલા નહીં ભરીએ.થ તેના પર કોંગ્રેસ તરફથી રજૂ થયેલા વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, પહું નિઃશબ્દ થઈ જાઉ છું અને એવું કોઈકવાર જ બને છે. મારે કહેવું પડી રહ્યું છે કે તેનું વલણ ખુબ ઉદાર છે.

ત્યારે, જસ્ટિસ નાગરત્નાએ કહ્યું કે, પઅમે આ મામલે ૨૪ જુલાઈએ સુનાવણી કરીશું. ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટના નિવેદનને ધ્યાને રાખતા સુનાવણીને ટાળવામાં આવી રહી છે.થ કોર્ટે કહ્યું કે, પઆ અરજીના વિરોધમાં પોતાની દલીલો રાખવા માટે બાદમાં તેમને મોકો મળશે.

# લોકસભાની ચૂંટણી પૂર્વે કોમર્શિયલ એલપીજીમાં રૂા.30.૫૦ તથા ૫ કિલોના સિલિન્ડરમાં રૂા.૭.૫૦નો ઘટાડો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોના કોમર્શીયલ એલપીજી ગેસ સિલીન્ડર અને પાંચ કિલો એફટીએલ (ફ્રિ ટ્રેડ એલપીજી) કિંમત ૩૦.૫૦ રૂપિયા ઘટાડી છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ ૧૯ કિલોનાં કોમર્શીયલ સિલીન્ડરની કિંમત દિલ્હીમાં રૂા.૧૭૬૪.૫૦ થઈ ગઈ છે. જયારે ૫ કિલો એફટીએલ એલપીજી સિલીન્ડરની કિંમત હવે રૂા.૭.૫૦ ઘટી ગઈ છે.



ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં ઓઈલ કંપનીઓએ એલપીજી સિલીન્ડરની કિંમતોમાં વધારાની જાહેરાત કરી હતી. ત્યારે ૧૯ કિલો ૨૫ રૂપિયા વધારાઈ હતી. જેથી તેના ભાવ વધીને ૧૭૯૫ દર સીલીન્ડરે કિંમત થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, એક ફેબ્રુઆરીએ ઈન્ડેન ગેસ સિલીન્ડરની કિંમતો મેટ્રો શહેર દિલ્હી, કોલકતા, મુંબઈ અને ચેન્નાઈમાં અલગ અલગ હતી. એક માર્ચ બાદથી બધા મેટ્રો શહેરોમાં ઈન્ડેન ગેસ સીલીન્ડરની કિંમતોમાં વૃધ્ધિ જોવા મળી હતી.

માર્ચમાં સરકારે ઘરેલુ સ્તરે ઉત્પાદીત કાચા તેલ પર અનપેક્ષીત લાભ કરીને ૩૩૦૦ રૂપિયા દર ટને વધારીને ૪૬૦૦ રૂપિયા દર ટને કરી ખાસ વધારાના ઉત્પાદક શુલ્ક (એસએલડી) તરીકે લગાવવામાં આવે છે.

સુચના મુજબ ઘરેલૂ કાચા તેલ પર અનપેક્ષિત લાભ કર વધારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પેટ્રોલ અને વિમાન ઈંધણ (એટીએફ) પર લાગતા કરને પહેલાની જેમ શુન્ય રાખવામાં આવ્યો હતો.

જોકે હાલ તો સિલીન્ડરની કિંમતો ઘટાડવાનું કારણ હજુ બહાર નથી આવ્યું. ઉલ્લેખનીય છે કે, ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી) ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ (બીપીસીએલ) દર મહીનાથી પહેલી તારીખે રસોઈ ગેસની કિંમતોમાં સંશોધન કરે છે. કિંમતો ઉતાર-ચડાવ ઈંધણની પડતર કિંમત અને બજારની હાલત પર નિર્ભર રહે છે.

# રૂપાલાની ટિકીટ ત્રણ દિવસમાં રદ કરો નહીં તો ઉગ્ર આંદોલન

## સુરેન્દ્રનગર ખાતે ક્ષત્રિય સમાજના સંમેલનમાં અપાઈ આખરી ચેતવણી

**મુખ્ય સમાચાર, વઢવાણ**

પરસોત્તમ રૂપાલાના વાણી વિલાસ સામે ક્ષત્રિય સમાજ હાલ ગુજરાત રાજ્યમાં લાલઘુમ છે અને જેને લઈને ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં ક્ષત્રિય સમાજ દ્વારા એક જ માંગણી કરવામાં આવી રહી છે કે પરસોતમ રૂપાલાની રાજકોટ લોકસભાની બેઠક ઉપરથી ટિકિટ બદલાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ત્યારે આ જ સંદર્ભે પાર્ટી દ્વારા કોઈ પ્રતિક્રિયા ન આપવામાં આવતા હવે ક્ષત્રિય સમાજ દ્વારા સંમેલન યોજવામાં આવી રહ્યા છે પ્રથમ તબક્કામાં ગામો ગામ આવેદનપત્રો આપી દેવામાં આવ્યા છે અને માંગણી કરવામાં આવી છે કે પરસોતમ રૂપાલા ની ટિકિટ રદ કરવામાં આવે અને રાજકોટ બેઠક ઉપરથી તેમને ચૂંટણી લડાવવામાં ન આવે.




ત્યારે આ જ સંદર્ભે હવે ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા સંમેલનો યોજવામાં આવી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગરના દરબાર બોર્ડીંગ ખાતે ક્ષત્રિય સમાજનું ભવ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું અને ગુજરાત રાજ્યમાંથી ક્ષત્રિય સમાજના આગેવાનો કરણી સેનાના આગેવાનો તેમજ ક્ષત્રિય સમાજની મહિલાઓ દ્વારા ભવ્ય સંમેલન યોજવામાં આવેલ અંદાજિત ૫,૦૦૦ થી વધુ લોકો આ સંમેલનમાં જોડાયા હતા અને એક જ માંગ ઉઠી છે કે પરસોતમ રૂપાલાની ટિકિટ ગમે તે સંજોગોમાં રાજકોટ લોકસભાની બેઠક ઉપરથી પરત ખેંચવામાં આવે જોકે હજુ સુધી પક્ષ દ્વારા કોઈ નિર્ણય નથી કરવામાં આવ્યો.

# કાશ્મીર અને હિમાચલમાં હિમવર્ષાઃ બંગાળ સહિત ચાર રાજ્યમાં તોફાની વર્ષાનો કહેર

## જમ્મુ-શ્રીનગર હાઈ-વે ૧૫ કલાક સુધી બંધઃ પ્રવાસીઓ ફસાયા

**મુખ્ય સમાચાર, સિમલા**

ગુજરાત સહીતનાં રાજયોમાં આકરા ઉનાળા વચ્ચે પર્વતીય રાજ્યોમાં હવામાન પલટા સાથે હિમવર્ષા થઈ છે. હિમાચલ પ્રદેશનાં ઉંચા પર્વતીય ભાગોમાં હિમવર્ષા થઈ હતી. આસામ-પશ્ચિમ બંગાળમાં તોફાની વરસાદનો કહેર સર્જાયો હતો ગુવાહાટીમાં એરપોર્ટની છતનો એક ભાગ ઘસી પડયો હતો.

કાશ્મીરનાં રામવન જીલ્લામાં ભારે વરસાદમાં ભુસ્ખલન સર્જાતા જમ્મુ-શ્રીનગર હાઈવે ૧૫ કલાક કરતા પણ વધુ સમય સુધી ઠપ્પ રહ્યો હતો અને સેંકડો વાહનો ફસાયેલા રહ્યા હતા. હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષા સાથે ખરાબ હવામાન સર્જાતા પ્રવાસીઓ સહીત સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. લાહોલ સ્પીતીમાં હિમવર્ષા બાદ સર્વત્ર બરફના થર જામ્યા હતા.



બીજી તરફ પુર્વોતરના ત્રણ રાજયોમાં તોફાની વાતાવરણનો કહેર સર્જાયો હતો હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હતું. દરીયો તોફાની બનવા સાથે ઉંચા લોઢ-મોજા ઉછળ્યા હતા અને દરીયાના પાણી ગામડાઓમાં ઘુસી જતા કેરળનાં સંખ્યાબંધ ગામડાઓમાં મકાનો તારાજ થયા હતા અને માર્ગો જળબંબાકાર બન્યા હતા.

ઝારખંડમાં રાંચી સહિત મોટાભાગનાં ક્ષેત્રોમાં તેજ આંધી સાથે વરસાદ ખાબકયો હતો. કાચા મકાનોનાં છાપરા ઉડી ગયા હતા. વૃક્ષો ધરાશાયી થયા હતા. કલાકો સુધી વિજ પુરવઠો ખોરવાયો હતો. ઝાડ પડતાં એક યુવકનું મોત થયુ હતું. પશ્ચિમ બંગાળનાં જલપાઈગુડીમાં ભારે વરસાદ સાથે તેજ પવન સાથે આંધી ફુંકાઈ હતી અને જુદી જુદી દુર્ઘટનાઓમાં ચાર લોકોના મોત થયા હતા.

આ સિવાય ચીન સરહદને જોડતી ટકનપુર-તવાઘાટ હાઈવે પર ભેખડ પરથી પડતાં ૧૩ કલાક સુધી વાહન વ્યવહાર ઠપ્પ રહ્યો હતો. કાટમાળ ખસેડાયા બાદ હાઈવે ફરી શરૂ થઈ ગયો હતો. માર્ગની બન્ને બાજુ વાહનોની કતારો લાગી હતી અને સેંકડો લોકો ફસાયા હતા.

# બેન્કોમાં પણ નાણાં સલામત નથી!:દાયકામાં બેન્કોમાં ૫.૩ લાખ કરોડ રૂપિયાની છેતરપિંડી

## સતત વધી રહેલા ફ્રોડ કેસોથી આરટીઆઈના જવાબમાં RBI દ્વારા અહેવાલ રજૂ કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટેક્નોલોજીના સતત વધી રહેલા વ્યાપ વચ્ચે સાયબર ફ્રોડના કેસો સતત વધી રહ્યાં છે. જેના પરિણામે હવે લોકોના પૈસા બેન્કમાં પણ સલામત રહ્યાં નથી તેવું તારણ આરબીઆઇ દ્વારા રજૂ કરવામાં આવેલ ડેટાના આધારે જાણવા મળ્યું છે.

ભારતીય બેંકોએ છેલ્લા એક દાયકામાં રૂ.૫.૨૯ લાખ કરોડની છેતરપિંડી થઇ હોવાનું જણાવ્યું છે. ખાનગી અને સરકારી બેંકોએ અહેવાલ આપ્યો છે કે આ છેતરપિંડી નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૨૨-૨૩ વચ્ચે કુલ ૪,૬૨,૭૩૩ છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. આરટીઆઈ અરજીના જવાબમાં રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલા ડેટા પરથી આ માહિતી સામે આવી છે.




આ મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ છેતરપિંડીના કેસ નોંધાયા છે. ત્યારબાદ ગઈઝ દિલ્હી, હરિયાણા, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ રહ્યાં છે. કર્ણાટક, ગુજરાત, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનનો ત્યારબાદ નંબર આવે છે. છેલ્લા ૧૦ નાણાકીય વર્ષોમાં આ રાજ્યોમાં ૮,૦૦૦ થી ૧૨,૦૦૦ બેંક ફ્રોડ થયા છે. સેન્ટ્રલ બેંકના કેટલાક તાજેતરના વાર્ષિક અહેવાલોનું વિશ્લેષણ દર્શાવે છે કે મોટાભાગની છેતરપિંડી ઉપાડ, કાર્ડ અને ડિજિટલ અથવા ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા સંબંધિત છે.

ઉદાહરણ તરીકે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં બેંકોએ ડેબિટ-ક્રેડિટ કાર્ડ્સ અને ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા સૌથી વધુ છેતરપિંડી થઇ હોવાનું નોધાવ્યું છે. નોંધાયેલા ૧૩,૫૩૦ કેસમાંથી ૬,૬૫૯ કેસો કાર્ડ અને ઈન્ટરનેટ બેન્કિંગના નોંધાયા છે. એડવાન્સિસ સામે છેતરપિંડીનો આંકડો પણ ૪૧૦૯ જેટલો ઊંચો આંક હતો.

એક વર્ષ પહેલાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૯,૦૯૭ છેતરપિંડીમાંથી એડવાન્સ સામેની છેતરપિંડી ૩૮૩૩ હતી. કાર્ડ અને ઇન્ટરનેટ દ્વારા ૩૫૯૬ છેતરપિંડી થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં એડવાન્સ સામે ૩૪૭૬ છેતરપિંડી થઈ હતી. કુલ ૭૩૩૮ છેતરપિંડીમાંથી ૨૫૪૫ કાર્ડ અને ઇન્ટરનેટ સંબંધિત છે.

સિંગાપોર વૈશ્વિક બેંકિંગ નેટવર્ક દ્વારા ૯૬% થી વધુ નાણાંની લેવડદેવડ હજુ પણ શોધી શકાતી નથી. આશરે રૂ. ૧૬૭-૨૫૦ લાખ કરોડના ગેરકાયદે વેપારમાંથી માત્ર ૨-૩% જ પકડાય છે અને પરત કરવામાં આવે છે. ઇન્ટરપોલ સેક્રેટરી જનારી જુર્ગેન સ્ટોકે આ જાણકારી આપી હતી. એજન્સી તેના ૧૯૬ સભ્ય દેશોમાં કાયદા અમલીકરણ એજન્સીઓ અને ખાનગી નાણાકીય ક્ષેત્રો સાથે નજીકથી કામ કરે છે. તેનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં ગેરકાયદેસર હેરફેર વગેરે...

# સ્ટાર પ્રચારકોના ખિસ્સામાં એક લાખથી વધુ રકમ ન હોવી જોઈએઃ ચૂંટણીપંચે આપી ચેતવણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે, તો જુદા જુદા પક્ષો દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરવાની કામગીરી સાથે સ્ટાર પ્રચારકોની યાદી પણ જાહેર કરવાની શરૂ કરી દીધી છે, ત્યારે ચૂંટણી પંચે સ્ટાર પ્રચારકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. પંચે કહ્યું કે, સ્ટાર પ્રચારકો પાસે એક લાખથી વધુ રકમ ન હોવી જોઈએ. ભાજપના સ્ટાર પ્રચારકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા છે. તો ટીએમસી વડા મમતા બેનર્જી, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, શરદ પવાર, અખિલેશ યાદવ અને તેજસ્વી યાદવ જેવા વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકોનો ચૂંટણી પ્રચાર શરૂ થઈ ગયો છે.



આ વખતની ચૂંટણીમાં ચૂંટણી પંચે નિર્ણય કર્યો છે કે, કોઈપણ સ્ટાર પ્રચારક પોતાના ખિસ્સામાં એક લાખથી વધુ રકમ નહીં રાખશે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ કોઈપણ પક્ષનો ઉમેદવાર પોતાના ખિસ્સામાં ૫૦ હજાર રૂપિયા અને તેમનો સ્ટાર પ્રચારક એક લાખ રૂપિયાથી વધુ રકમ ખિસ્સામાં રાખી શકશે નહીં. જો નિર્ધારિત કરેલી રકમથી વધુ રકમ મળી આવશે તો રકમ જપ્ત કરવામાં આવશે અને તે વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

ચૂંટણી પંચે એવું પણ કહ્યું છે કે, ઉમેદવારો રોજેરોજ થતી ખર્ચની વિગતો એક રજિસ્ટરમાં નોંધે અને ખર્ચની તમામ વિગત ચૂંટણી પંચને દરરોજ મોકલાવે. ઉમેદવારોએ ક્યાં અને કેટલી રેલીઓ યોજી અને તેમાં કેટલો ખર્ચ થયો, તેનો તમામ હિસાબ રજિસ્ટરમાં નોંધે અને તેનું વીડિયો રેકોર્ડિંગ પણ ફરજિયાત કરવાનું રાખે. ઉમેદવારોએ ચૂંટણી પંચ દ્વારા ફુલ માળા, ખાણી-પીણી, ઢોળ, ડાંસ પાર્ટી, વાહન વગેરેના નિર્ધારિત કરાયેલા ભાવ મુજબ જ હિસાબ આપવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે શનિવારે ૧૬ માર્ચે દેશમાં લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરવા ઉપરાંત કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અને પેટા-ચૂંટણીની પણ તારીખનો કાર્યક્રમ જાહેર કરી છે. દેશમાં લોકસભા ચૂંટણી માટે ૧૯ એપ્રિલથી શરૂ થનાર મતદાન કુલ સાત તબક્કામાં યોજાશે, જ્યારે ચાર જૂને પરિણામ જાહેર કરાશે. આ ઉપરાંત ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે, તેમાં આંધ્રપ્રદેશમાં ૧૩ મે, સિક્કમ અને અરૂણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલે, જ્યારે ઓડિશામાં ચાર તબક્કામાં ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને પહેલી જૂને મતદાન યોજાશે. જ્યારે ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ ૭ મેના રોજ જ મતદાન થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ ૯૬.૮૮ કરોડ મતદારો રજીસ્ટર્ડ થયા છે. ચૂંટણી પંચે આ તમામ ચૂંટણીઓનું પરિણામ ચાર જૂને જાહેર કરવાનો નિર્ણય લીધો હતો, જો કે બાદમાં સિક્કમ અને અરૂણાચલ પ્રદેશની તારીખોમાં ફેરફાર કરી બીજી જૂને પરિણામ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

# વાંકાનેરના કોટડાનાયાણી ગામે વાડીની ઓરડીમાં જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના કોટડાનાયાણી ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાં ચાલતા જુગારધામ ઉપર વાંકાનેર તાલુકા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ દ્વારા દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા વાડી-માલિક સહીત ચારને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ.૨૯,૫૦૦/- જપ્ત કરી પકડાયેલ ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફને મળેલ બાતમીને આધારે વાંકાનેર તાલુકાના કોટડાનાયણી ગામની આંકડીયા તરીકે ઓળખાતી સીમમાં આવેલ મહેબુબભાઇ ગગુભાઇ સમાની વાડીની ઓરડીમાં દરોડો પાડતા તીનપત્તીનો જુગાર રમતા આરોપી મહેબુબભાઇ ગગુભાઇ સમા ઉવ.૬૧ રહે.કોટડાનાયાણી, સતાભાઇ કડવાભાઇ વરૂ ઉવ.૪૫ રહે.કોટડાનાયાણી, ભુપતભાઇ શીવાભાઇ ઓળકીયા ઉવ.૪૭ રહે.હાલ મીતાણા ડેમી-૧ ની બાજુમાં તા.ટંકારા મુળગામ ચોબારી-ધરમપુર તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર, યુસુફભાઇ તમાચીભાઇ ઠેબા ઉવ.૪૨ રહે. ચાંમુડા હોટલ પાછળ, તા.ટંકારા જી.મોરબીને રોકડા કુલ રૂ.૨૯,૫૦૦/-સાથે ઝડપી લેવામાં આવી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના જીનપરા વિસ્તારમાંથી યુવક દારૂની એક બાટલી સાથે પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જીનપરા જકાતનાકા નજીકથી વેચાણ કરવાના ઇરાદે પોતાના કબ્જામાં રાખેલ ઈંગ્લીશ દારૂની મેકડોવેલ્સ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૩૭૫/-સાથે આરોપી વિશાલભાઈ શૈલેષભાઈ વાઢેરઉવ.૨૨ રહે.મોટી મોલડી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગરને રંગેહાથ ઝડપી લેવામાં આવી વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો રજી. કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી નગરપાલિકાનું વર્કશોપ કચરા તથા જાહેર મુતરડીનું સ્થળઃઆમ આદમી પાર્ટી



**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબીઃ** મોરબી આમ આદમી પાર્ટીના મોરબી જીલ્લા પ્રમુખ સહિતના કાર્યકરો દ્વારા મોરબી નગરપાલિકાની મુલાકાતે ગયા હતા ત્યારે નગરપાલિકાના વર્કશોપમાં આશ્ચર્યજનક વસ્તુઓ સામે આવી હતી આ ઉપરાંત પાલિકાના ખરાબ થયી ગયેલ વાહનો, ભંગાર તેમજ વર્કશોપમાં કચરો નાખવાનું અને માણસોની જાહેર મુતરડીનું સ્થળ બની ગયું જોવામાં આવતા આમ આદમી પાર્ટી દ્વારા એક પ્રેસ યાદી તૈયાર કરી પાલિકા તંત્ર સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

મોરબી આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રમુખ ગીરીશભાઈ પેથાપરા, કાર્યકારી મહામંત્રી ભાવીન પટેલ, મોરબી શહેર પ્રમુખ હિતેશભાઈ, જીલ્લા ઉપપ્રમુખ ઇકબાલભાઈ તથા આમ આદમી પાર્ટીના સાથી યુવા કાર્યકર્તાઓ સાથે મળી ગઈકાલ તા. ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ મોરબી નગરપાલીકાના વર્કશોપની મુલાકાતે જતા જયાં જોવા મળેલ કે, મોરબી નગરપાલીકાનુ વર્કશોપ નહી પણ ખાલી દારૂની બોટલ સાચવવાનું એક સ્થળ છે તથા વર્કશોપમાં મોરબી નગરપાલીકાના વાહનો મેઇન્ટનન્સના અભાવે સળી રહ્યા છે, ત્યારે છેલ્લા ઘણા સમયથી મોરબી નગરપાલીકા દ્વારા 'ભંગારની' હરાજી કરી વેચવામા આવેલ નથી તો વર્કશોપમાં ચારેબાજુ ભંગાર ખડકાયા છે. અને સૌથી આશ્ચર્ય બાબતમાં મોરબી નગરપાલીકાનુ વર્કશોપ કચરા તથા માણસોની જાહેર મુતરડીનુ એક સ્થળ બની ગસિયું હોવાનું સામે આવ્યું હતું.

ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા તંત્રને અનેક સવાલો કર્યા છે જેમાં શુ મોરબી નગરપાલીકા તેમના ગ્રાઉન્ડની પણ યોગ્ય જાળવણી કરી શકતું નથી ? તો પાલિકા દ્વારા મોરબી શહેરની જાળવણી કરવામા અસમર્થ છે ?, થોડા દિવસો પહેલા મોરબી નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો આપવામાં આવ્યો છે ત્યારે મોરબી નગરપાલિકા મહાનગરપાલિકામાં રૂપાંતરિત થશે ત્યારે પણ આવી જ પરિસ્થિતિ રહેશે? ત્યારે આવા તો કેટલાય સવાલ તથા મુદ્દાઓ છે જેનો જવાબ હવે આવનારા ભવિષ્ય જ બતાવશે તેવી આમ આદમી પાર્ટી દ્વારા એક તૈયાર કરેલ યાદીમાં જણાવાયું હતું.

# મોરબીઃછ માસથી ફરાર અપહરણના આરોપીને મહીસાગર જીલ્લામાંથી ઝડપી લેતી એ.એચ.ટી.યુ. પોલીસ ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છ માસ પૂર્વેના અપહરણના ગુનાના આરોપીને અને ભોગ બનનારને મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના બેડવલ્લી ખાતેથી પકડી લઇ હસ્તગત કરી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં સોંપી આપવામાં આવેલ છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ અપહરણ તથા ગુમ થયેલ વ્યકતિઓને શોધી કાઢવા એએચટીયુ ટીમને જરૂરી માર્ગદર્શન તથા સુચના કરેલ હોય જેથી યુનિટ પીઆઇ તથા સ્ટાફ ઉપરોકત કામગીરી કરવા પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન પો.હેડ કોન્સ. નંદલાલ ડી વરમોરા તથા ભરતસિંહ બી ડાભીને ખાનગીરાહે માહીતી મળેલ હતી કે, વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલ ગુન્હાનો આરોપી રાજુભાઇ નવાભાઇ મસાર ઉવ.૨૧ રહે. બામણીઓઢા તા.માલપુર જી.અરવલ્લીવાળો ફરીયાદીની સગીર વયની દિકરીને ભલગામ નર્મદા કારખાનામાંથી અપહરણ કરી ભગાડી ગયેલ હોય જે આરોપી રાજુભાઇ નવાભાઇ મસારને મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના બેડવલ્લી ગામના ચાર રસ્તા પાસે હોવાની ચોક્કસ બાતમી મળતા તુરંત એએચટીયુ ટીમ સાથે મહિસાગર જીલ્લામાં તપાસમાં હોય ત્યારે ઉપરોક્ત મળેલ બાતમી મુજબની જગ્યાએ પહોંચીને ખાનપુર તાલુકાના બેડવલ્લી ગામના ચાર રસ્તા પાસેથી આરોપી તથા ભોગબનનાર હસ્તગત કરી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ધોરણસરની કાર્યવાહી અર્થે સોપવામાં આવેલ છે.

# મોરબી પંથકના અપહરણ તેમજ પોકસો એક્ટ ગુનાના આરોપીને મધ્યપ્રદેશથી પકડી લેતી મોરબી જીલ્લા પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા ટીમવર્કથી સમગ્ર ઓપરેશન હાથ ધરી મોરબી શહેરમાંથી અંદાજે ચાર માસ પહેલા સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી ભગાડી જનાર આરોપીને મધ્યપ્રદેશ રાજ્યમાંથી દબોચી લેવામાં આવ્યો હતો. ત્યારે મોરબી જીલ્લા પોલીસે આરોપી તથા ભોગ બનનારને હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોરબી જીલ્લા પોલીસના અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી જીલ્લામા મહીલા તથા બાળકો ઉપર બનતા અત્યાચારના ગુના બાબતે ગંભીરતા લઇ આરોપી તથા ભોગબનનારને પકડી પાડવા સુચના થઇ આવેલ હોય જે આધારે તા- ૦૫ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદીએ ફરિયાદ નોંધાવી હતી કે પોતાની સગીરવયની દિકરીને મધ્યપ્રદેશ રાજયના ઉજ્જૈન જીલ્લાના જુટાવડ ગામનો રહેવાસી લખન ગોરધનભાઇ ખારીવાલ મોરબીની સિલ્વરપાર્ક સોસાયટી ખાતેથી અપહરણ કરી ભગાડી ગયો હતો, જે મુજબની ફરિયાદના આધારે આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા બી ડિવિઝન પોલીસ દ્વારા અગાઉ બે વખતે અલગ અલગ ટીમો એમ.પી રાજય ખાતે આરોપીના રહેણાંક મકાને તપાસ અર્થે મોકલવામા આવેલ હતા પરંતુ આરોપી કે ભોગ બનનાર મળેલ ન હોય.

ત્યારે તા-૨૯ માર્ચ ૨૦૨૪ ના રોજ પો.કોન્સ શૈલેષભાઇ રવજીભાઇને ખાનગીરાહે બાતમી મળેલ કે આરોપી તથા ભોગબનનાર આરોપીના જુટાવદ ગામે રહેણાંક મકાને આવેલ છે. જેથી સદરહુ બાતમી આધારે મોરબી જીલ્લાના ટંકારા પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ પી.એલ.સેડા તથા સ્ટાફ અન્ય ગુનાની તપાસમા મધ્યપ્રદેશ રાજય ખાતે હોય ત્યારે ઉપરોક્ત ગુનાની તપાસ કરવા પણ યાદી પાઠવવામા આવેલ હોય જેથી ઉપરોકત મળેલ બાતમીથી વાકેફ કરતા ટંકારા પોલીસ ટીમે અપહરણ અને પોક્સો હેઠળના આરોપી લખન ગોરધનભાઇ પંવાર ઉવ ૨૪ તથા ભોગબનનાર ગામ-જુટાવદ,તા-મહીદપુર જી-ઉજ્જૈન (એમ.પી)ને પોતાના રહેણાંક મકાને મળી આવતા હસ્તગત કરી મોરબી બી ડિવિઝન પોલીસ મથકે લાવી ધોરણસરની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મોરબીઃદારૂના ગુનામાં સંડોવાયેલ આરોપીની પાસા તળે અટકાયત કરી ભાવનગર જેલ હવાલે કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી એલસીબી પોલીસ ટીમે પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઇસમને પાસા હેઠળ ડીટેઇન કરી ભાવનગર જીલ્લા જેલ ખાતે મોકલી દેવાયો છે.


મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ મોરબી એલસીબી પીઆઇ એમ.પી.પંડયાએ મોરબી શહેરના પોલીસ મથકમાં પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલતા તેમના દ્વારા ઉપરોકત ગુનામાં સંડોવાયેલ દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપી સાગરભાઇ કાંતિભાઇ પલણ વાળાનું પાસા વોરંટ ઇશ્યુ કરેલ હતું. જે ઇસ્યુ થયેલ વોરંટની બજવણી માટે મિરબી એલસીબી પીઆઇ દ્વારા એક ટીમ બનાવી સામાવાળા સાગરભાઇ કાંતિભાઇ પલણ રહે.મોરબી જલારામ પાર્ક, બ્લોક ન.૧૫ નવલખીરોડ, સેન્ટમેરી સ્કુલની પાછળને તા.૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ પાસા એકટ તળે પોતાના રહેણાંક મકાનેથી ઝડપી લઇ પાસા તળે ડીટેઇન કરી ભાવનગર જીલ્લા જેલ ખાતે મોકલી આપેલ છે.

# વિદેશી દારૂના ગુનામાં છેલ્લા દસ માસથી ફરાર આરોપીને મોરબી એલસીબીએ વાંકાનેર બાઉન્ડ્રીથી ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ વિદેશી દારૂના ગુનામાં છેલ્લા દસ માસથી નાસતા ફરતા આરોપીને પૂર્વ બાતમીને આધારે વાંકાનેર બાઉન્ડ્રીથી ઝડપી લઇ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મોરબી એલ.સી.બી. પોલીસ ટીમને સંયુક્તમાં ખાનગીરાહે હકિક્ત મળેલ કે વાંકાનેર તાલુકા પોલીસ મથકના પ્રોહિબિશન મુજબના ગુન્હામાં નાસતો



ફરતો આરોપી રોહિત છેલાભાઇ મેધાણી વાંકાનેર બાઉન્ડ્રી ખાતે હોવાની ચોકકસ હકીક્તને આધારે તપાસ કરતા ઉપરોક્ત આરોપી રોહિત છેલાભાઇ મેધાણી ઉવ-૨૧ રહે.મોટી મોલડી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગરવાળો વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી મળી આવતા તેને હસ્તગત કરી કલમ ૪૧ મુજબ અટક કરી આગળની કાર્યવાહી અર્થે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં સોપવા તજવીજ હાથ ધરી હતી.

# જામનગરના દરેડ પાસે આવેલી ઈન્દિરા સોસાયટીમાંથી પોલીસે એક શખ્સને ૨૦૦ લીટર દેશી દારૂ સાથે પકડી પાડ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડ પાસે આવેલી ઈન્દિરા સોસાયટીમાંથી પોલીસે એક શખ્સને ૨૦૦ લીટર દેશી દારૂ સાથે પકડી પાડ્યો છે. દારૂની હેરાફેરીમાં વપરાયેલી ઈકો મોટર પણ પોલીસે ઝબ્બે લીધી છે.જામનગર-લાલપુર માર્ગ પર આવેલા દરેડ ગામની ઈન્દિરા સોસાયટીમાં એક શખ્સ પાસે દેશી દારૂનો જથ્થો હોવાની બાતમી પંચકોશી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનના મેહુલ



વીસાણી, ભયપાલસિંહ, હરપાલસિંહને મળતા પીએસઆઈ સી.એમ. કાંટેલીયાના વડપણ હેઠળ પોલીસે વેજાભાઈ વેજાણંદ ઘોડા નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો.આ શખ્સના કબજામાંથી ૨૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ તથા દારૂની હેરફેરમાં વપરાયેલી રૂા.૪ લાખની ઈકો મોટર કબજે કરી વેજાભાઈ વેજાણંદ સામે ગુન્હો નોંધ્યો છે અને તેની ધરપકડ કરી છે

# ગોકુલનગરમાં ગંજીપાનાથી જુગાર રમતા બે મહિલા સહિત ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર પાસે સાયોના શેરીમાં તીનપત્તી રમતા બે મહિલા સહિત ચારને પોલીસે પકડી પાડ્યા હતા. કિસાન ચોક પાસે અને ખોજાનાકા નજીક વર્લીના આંકડા લખતા બેને દબોચી લેવામાં આવ્યા હતા.જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી સાયોના શેરીમાં જુગાર રમાતો હોવાની બાતમી સિટી-સી ડિવિઝનના યશપાલસિંહ, યુવરાજ સિંહ, શિવભદ્રસિંહને મળતા પીઆઈ જે.વી. ચૌધરીની સૂચના અને પીએસઆઈ વી.બી. બરબસીયાના વડપણ હેઠળ દરોડો



પાડવામાં આવ્યો હતો.આ સ્થળે ગલીમાં ગંજીપાના વડે તીનપત્તી રમતા વિજય રમેશભાઈ બારૈયા, રવિ હિંગળાજભાઈ લીલાપરા તથા ચંપાબેન હિંગળાજભાઈ, ભાવનાબેન વિજયભાઈ બારૈયા નામના ચાર વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂા.૧૦૪૭૦ રોકડા કબજે કરી જુગારધારાની કલમ-૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.જામનગરના કિસાન ચોકથી આગળ આવેલા મકરાણી કબ્રસ્તાન રોડ પર વર્લીનું બેટીંગ લઈ રહેલા હુસેન જમાલ શેખ ઉર્ફે હુસી નામના શખ્સને પોલીસે પકડી લઈ વર્લીના આંકડા લખેલી ચિઠ્ઠી અને રૂા.૨ હજાર રોકડા ઝબ્બે લીધા છે.

જામનગરના ખોજાનાકા વિસ્તારમાંથી મહંમદયુસુફ વલીમામદ દરજાદા ઉર્ફે દરબાર નામનો શખ્સ વર્લીના આંકડા લખતો મળી આવ્યો હતો. તેની પાસેથી વર્લીના આંકડા લખેલી સ્લીપ અને રૂા.૩૪૫૦ મળી આવ્યા હતા.

# જામનગરના સચાણામાંથી બિલ વગરના શંકાસ્પદ ગણાતા ૩૯૦ લીટર ડીઝલના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સચાણામાંથી બિલ આધાર વગરના શંકાસ્પદ ગણાતા ૩૯૦ લીટર ડીઝલના જથ્થા સાથે એક આરોપીને ઝડપી લીધો છે. અને વધુ પૂછપરછ કરી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ દ્વારા જામનગર તાલુકાના સચાણા ગામની દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન સચાણા ગામમાં રહેતો અને માછીમારી કરતો એજાજ મુસાભાઈ ગજીયા નામનો



માછીમાર શખ્સ શંકાસ્પદ હિલચાલ કરતો મળી આવ્યો હતો. જેની તલાસી લેતા તેના કબજા માંથી ૩૯૦ લીટર ડીઝલના જથ્થો મળી આવ્યો હતો. તેના બિલ આધાર વગેરેની માંગણી કરતાં તેની પાસે કોઈ પણ પ્રકારના બીલ આધાર વગેરે ન હતા.જેથી એલસીબી ની ટીમે અંદાજે ૩૫ હજાર રૂપિયાની કિંમતનો શંકાસ્પદ મનાતો ડીઝલનો જથ્થો કબજે કર્યો છે, અને તેની વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે, સાથો સાથ પુરવઠા વિભાગને પણ જાણ કરવામાં આવી છે

# જિલ્લામાં પરવાનાવાળા હથિયાર ધારકો પાસેથી ૩૭૪૯ હથિયારો જમા અને ૬ હથિયારો જપ્ત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ ૧૫ દિવસમાં પોલીસ વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં પરવાનાવાળા હથિયાર ધારકો પાસેથી ૮૮ ટકા હથિયારો જમા લેવાની કામગીરી કરવામાં આવી છે.

આ કામગીરી અન્વયે તા.૩૦/૦૩/૨૦૨૪ સુધી રાજકોટ શહેર પોલીસ દ્વારા ૩૦૦૮ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૨૬૫૨ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને ૪ હથિયારો જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે રાજકોટ જિલ્લા(ગ્રામ્ય) પોલીસ દ્વારા ૧૨૧૨ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૧૦૯૭ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. બાકીના હથિયારો જમા લેવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે, તેમ રાજકોટ પોલીસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# શાપર સ્થિત ખાનગી કંપનીમાં સ્વીપ દ્વારા કર્મચારીઓને મતદાન અંગે જાગૃત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર રાષ્ટ્રમા આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે જે અન્વયે રાજકોટ ખાતે તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાશે.દેશના પર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે ત્યારે રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ સ્થિત શક્તિમાન કંપનીમાં મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કર્મચારીઓને લોકશાહીના આ પર્વમાં મતદાન કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. કર્મચારીઓએ મતદાન કરવાના શપથ પણ લીધા હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં અધિક કલેક્ટર અને સ્વીપના નોડલ ઓફિસર જીજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ- રેલી યોજી, ગ્રામ વિસ્તારોમાં સેલ્ફી પોઇન્ટ, ગેસના બાટલા - વીજળીના બિલો પર મતદાનના સંદેશા છાપવા સહિતના વિવિધ નવતર પ્રયાસો દ્વારા મતદાન જાગૃતિ લાવવામાં આવી રહી છે.

# રાજકોટ મનપા દ્વારા ગત નાણાંકીય વર્ષમાં રૂા.૩૬૫.૪૯ કરોડની ઓલટાઈમ હાઈ વસુલાત

## મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ ૯૭.૪૬ ટકાની ઐતિહાસિક ટેકસ વસુલાતની કામગીરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ ૨૦૨૩-૨૪નાં નાણાકીય વર્ષ દરમ્યાન રૂ. ૩૬૫.૪૯ કરોડની વસૂલાત કરી ૯૭.૪૬%ની ઐતિહાસિક ટેક્સ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં નાગરિકોએ ઓનલાઈન રૂ. ૧૭૫ કરોડ જેવી ટેક્સની રકમ ભરપાઈ કરેલ છે. ગત વર્ષ દરમ્યાન જુદાજુદા વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કાર્યક્રમો અને તમામ વોર્ડમાં નાગરિકોને વિવિધ યોજનાઓના લાભો આપવા માટેના સેવાકીય કેમ્પનું બે રાઉન્ડમાં આયોજન કરવામાં આવેલ હતું. આવા પ્રવૃત્ત સમયગાળા દરમ્યાન પણ વેરા વાસૂલ્ત ઝુંબેશની ગતિ જળવાઈ રહે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓએ દિવસ રાત જોયા વગર સખત જહેમત ઉઠાવી હતી એ બદલ તેઓ અભિનંદનને પાત્ર છે.

મ્યુનિ. કમિશનર આનંદ પટેલે માહિતી આપતા એમ જણાવ્યું હતું કે, ૨૦૨૩-૨૪નાં નાણાકીય વર્ષની શરૂઆતથી જ રાજકોટ મહાનગરપાલિકાએ ટેક્સના બાકીદારો સામે કાર્યવાહી શરૂ કરી હતી અને તેના



પરિણામે લોકોમાં પણ જાગૃતિ આવી હતી અને ટેક્સ પેમેન્ટનું પ્રમાણ પણ વધ્યું હતું. સાથોસાથ બાકીદારોને ટેક્સ ચૂકવવા પ્રેરિત કરવા માટે મહાનગરપાલિકા દ્વારા ઝોન વાઈઝ અધિકારીઓ અને કર્મચારીઓની બનેલી ચાર ચાર ટીમો બનાવવામાં આવી હતી. ઉપરાંત વર્ષના અંતિમ ત્રિમાસિક સમયગાળા દરમ્યાન ટેક્સ વસૂલાતની કામગીરીને વધુ વેગ આપવા માટે વિવિધ શાખાઓના કર્મચારીઓને જવાબદારી સુપરત કરવામાં આવી હતી.

કમિશનરએ વિશે વિગતો આપતા એમ ઉમેર્યું હતું કે, નાણાકીય વર્ષ દરમ્યાન બાકીદારો સામે પ્રોપર્ટી સિલીંગ તથા નળ કનેક્શન કપાત જેવા પગલાં લેવામાં આવ્યા હતા. જેમાં ૨૧૫૧ મિલકતો સીલ કરવામાં આવી અને ૧૯૩ જેટલા નળ કનેક્શન કપાત કરવામાં આવ્યા હતા.

તેમણે એમ પણ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨-૨૩માં મહાનગરપાલિકાએ રૂ. ૩૨૧.૬૨ કરોડની કુલ વસૂલાત કરી હતી. જેની સાપેક્ષમાં વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩૬૫.૪૯ કરોડ જેવી રાજકોટ મહાનગરપાલિકાના ઇતિહાસમાં ઓલટાઈમ હાઈ વસૂલાત કરવામાં આવેલ છે. જે આગલા વર્ષ કરતા રૂ. ૪૩.૮૦ કરોડ વધુ છે. ગઈકાલે પૂર્ણ થયેલ વર્ષમાં ૩,૯૫,૫૩૧ કરદાતાઓએ ટેક્સ ચૂકવેલ છે. જ્યારે તેના આગલા વર્ષે ૩,૭૯,૨૭૦ કરદાતાઓએ ટેક્સ ચુકવ્યો હતો. આમ આગલા વર્ષની તુલનાએ ૧૬,૨૬૧ કરદાતા વધુ છે.

આગલા પાંચ વર્ષની ટેકસ વસૂલાતનાં આંકડા પર નજર ફેરવીએ તો વર્ષ ૨૦૧૫૮-૧૯માં રૂ.૨૪૭.૨૨ કરોડ, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૮૯.૫૮ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૮૯.૨૩ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬૨.૬૭ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૨૧.૬૩ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૩-૨૪ દરયાન નાગરિકોને ઓનલાઈન ટેક્સ પેમેન્ટ માટે પ્રેરિત કરવા માટે RMC on Whatsapp નો ખુબ પ્રચાર કરવામાં આવ્યો હતો. સાથોસાથ નાગરિકોને તેઓના મોબાઈલમાં મેસેજ કરીને ટેક્સ પેમેન્ટનાં રીમાઈન્ડર પણ આપવામાં આવ્યા હતા. ઓનલાઈન ટેક્સ પેમેન્ટમાં છેલ્લા પાંચ વર્ષમાં જબરદસ્ત વૃદ્ધિ થઇ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૪૦.૭૦ કરોડની ટેક્સ વાસૂલ્ત ઓનલાઈન થઇ હતી જેની તુલનાએ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૭૫ કરોડથી વધુની વસૂલાત કરવામાં આવેલ છે.

# મને કોઈએ દિલ્હીથી બોલાવ્યો નથીઃ રૂપાલા

## કોને ટિકીટ આપવી – કોને ન આપવી તે ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ નકકી કરે છેઃ મોહનભાઈ કુંડારિયા રાજકોટ બેઠક માટે ભાજપના ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરશેઃ રાજકોટના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને બદલવાની કોઈ વાત નથીઃ રાજુ ધ્રુવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્ષત્રિય સમાજ વિરૂધ્ધ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા છે. કરેલા નિવેદન બાદ બચાવની સ્થિતિમાં આવેલાં રૂપાલાએ આજે રાજકોયમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે પાર્ટી હાઈ કમાન્ડ દ્વારા મને દિલ્હી બોલાવવામાં આવ્યો નથી તેમણે જણાવ્યું કે પક્ષ દ્વારા રાજકોટના ઉમેદવારને બદલવામાં આવી રહ્યા છે તે વાત સદંતર ખોટી છે. કોને ટિકીટ આપવી કે ન આપવી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

તે ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિ નકકી કરે છે.

તેઓએ એ વાતનો જરૂર ઉલ્લેખ કર્યો કે કદાચ આગામી તા.૩ અને ૪ એપ્રિલના દિલ્હી ખાતે કેન્દ્રીય કેબીનેટની બેઠક મળી રહી છે તેમાં હું હાજરી આપવા જઈશ. વધુમાં મોહનભાઈ કુંડારિયાના નામની ચર્ચા પણ રાજકોટ બેઠક માટે ચાલી રહી છે તેના પર રદિયો આપતા તેઓએ જણાવ્યું કે એ વાત સાચી છે પરંતુ મોહનભાઈ રાજકોટ બેઠક માટે ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરશે.

# શિસ્તબધ્ધ ગણાતી ભાજપમાં શિસ્તના સરેઆમ લીરા ઉડ્યા, કોંગ્રેસના ઉમેદવારને જનતાનો પ્રચંડ પ્રતિસાદઃ તુષિત પાણેરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણી મા કોંગ્રેસ ના ઉમેદવારો ને જનતા નો પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે જ્યારે ચૂંટણી બોન્ડ ના નામે હજારો કરોડ રૂપિયા ની ખંડણી ઉઘરાવનાર ભ્રષ્ટ ભાજપ ને દેશ ની સર્વોચ્ચ અદાલતે પણ કડક શબ્દો મા ફટકાર લગાવી ને આ ચૂંટણી બોન્ડ ને ગેરબંધારણીય ગણાવ્યા , તેવામાં ભાજપ સરકાર ના વર્તમાન કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારમન ના પતિ અને વિખ્યાત અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે ભાજપ સર્જીત ઇલેક્ટોરલ બોન્ડ ને દુનિયા નું સૌથી મોટું સ્કેમ ગણાવ્યું છે . .

આટલું ઓછું હોય તેમ ગુજરાત ભાજપ ના જાહેર થયેલ ઉમેદવારો સામે ભાજપ ના જ કાર્યકરો દ્વારા વિરોધ ની આગ લબકારા મારી રહી છે , અમરેલી ભાજપ ના નેતાઓ નો જુથવાદ લોહિયાળ બન્યો છે , પાટણ મા પાટીદાર આંદોલન સમયે ભાજપ સરકારે પાટીદાર સમાજ પર જે અત્યાચાર ગુજાર્યો તેનો જવાબ આપવા પાટીદારો એ એક સૂર વ્યક્ત કરીને એક પાટીદાર સો મત કોંગ્રેસ મા નખાવવા હાથ ઊંચા કરીને સોગંધ લઈ લીધા છે , વડોદરા બેઠક પર ભાજપ ના જ ધારાસભ્ય કેતન ઈનામદાર ના વિરોધ વચ્ચે એક વાર ઉમેદવાર બદલી ચૂકેલી ભ્રષ્ટ ભાજપ એ બીજા ઉમેદવાર ને પણ નવો આદેશ ન આવે ત્યાં સુધી પ્રચાર બંધ કરવાની સૂચના આપી દીધી છે , પોરબંદર મા મનસુખ માંડવીયા વિરૂદ્ધ ના પોસ્ટર લાગ્યા છે , રાજકોટ મા ભાજપ ના મધ્યસ્થ કાર્યાલયે તાળા લાગી ગયા અને રાજકોટ લોકસભા ના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સાહેબ ના ગળામાંથી ઉમેદવારી નો પટ્ટો ગમે તે ઘડીએ ઉતરી જવાની શક્યતા વર્તાય રહી છે . .

ભાજપ મા ફાટેલો દાવાનળ જોતા અને રાજકીય વર્તુળો માથી મળતા સમાચાર મુજબ આ વખતે ભાજપ ના જ કેટલાક અસંતુષ્ટ અને હાસ્યા મા ધકેલાઈ ગયેલ વરિષ્ઠ નેતાઓ અંદરખાને પોતાના જ ઉમેદવારો ને હરાવવા મેદાને પડયા છે . .

કથિત રીતે શિસ્તબદ્ધ ગણાતી ભાજપા મા શિસ્ત ના સરેઆમ લીરા ઉડતા કેટલાય દિવસો થી આપણે સૌ જોઈ રહ્યા છીએ , જનતા આ વખતે ભાજપ વિરૂદ્ધ આક્રોશિત થઈને મતદાન કરી ભાજપ ને ભુંડા મા ભુંડી રીતે ગુજરાત મા હરાવશે અને કોંગ્રેસ લોકસભા ની સીટો ડબલ ડીજીટ મા જીતશે તે નક્કી છે . .

# રાજકોટના ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલનો આજે જન્મ દિવસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસના ક્રાઈમ બ્રાંચના પ્રથમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલનો આજે જન્મદિવસ છે. શિસ્તના આગ્રહી અને કડક નિષ્ઠાવાન અધિકારીની છાપ ધરાવતાં ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલુ મૂળ સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના પાણશીણાના વતની છે.૨૦૧૪ બેચના આઈપીએસ ડો.પાર્થરાજસિંહ ગોહિલે એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૨૦૧૪માં યુપીએસસી ક્લીયર કર્યુ હતું અને બાદમાં આઇપીએસમાં જોડાયા હતાં.

ગોહિલે પ્રોબેશન પિરીયડ ગોડલમાં પુરો કર્યો હતો. બાદમાં તેમને એએસપી રાધનપુર પાટણ તરીકે મુકવામાં આવ્યા



હતાં. ત્યારબાદ પોરબંદર એસપી તરીકે મુકવામાં આવ્યા હતાં. જ્યાં તેમણે પ્રશંસનીય કામગીરી કરી હતી. એ પછી તેમને મહેસાણા એસપી તરીકેની જવાબદારી સોપાઈ હતી. ત્યાંથી તેમને રાજકોટ કાઇમ બ્રાંચના પ્રથમ ડીસીપી તરીકે મુકવામાં આવ્યા હતાં. ડો. પાર્થરાજસિંહ ગોહિલે મહેસાણા અને પોરબંદર એસ.પી તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. તેમજ કોરોનાકાળમાં તેમણે કરેલી કામગીરી અને માનવીય અભિગમને આજે પણ મહેસાણાના લોકો યાદ કરે છે. રાજકોટ શહેરમાં પ્રથમ ડીસીપી ક્રાઈમ તરીકે ચાર્જ સાંભળ્યા બાદ રાજકોટની ક્રાઈમ બ્રાંચ નોંધપાત્ર કામગીરી કરી ગુનાઓને ભેદ ઉકેલી રહી છે અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેવી કામગીરી કરે છે. ડો. પાર્થરાજસિંહ ગોહિલ (૯૯૭૮૪ ૦૫૪૮૫)ને ઉચ્ચ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, પરિવારજનો મિત્રો તરફથી શુભેચ્છાઓ મળી રહી છે.

# કોટડા સાંગાણીમાં વૃધ્ધાનો બિમારીથી કંટાળી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટડાસાંગાણી માં ખોજા જાતિ વુદ્ધ મહિલા કુવામાંથી લાસ મળી આવેલ સીરીનબેન બીમારીથી પીડાતા હોય તેઓ પોતાના ઘરેથી સવારના ૬/૩૦ વાગ્યે નીકળેલ જે સેડ રોડ ઉપર ઈટુના ભઠ્ઠા પાસે કુવામાં આત્મહત્યા કરવામાં આવેલ જેમાં આજુબાજુમાં ઈંટના ભઠ્ઠાવાળાને કુવામાં



વૃદ્ધ મહિલાની લાશ પડેલી છે તેવી પોલીસને જાણ કરવામાં આવેલ પોલીસને ઘટના સ્થળે પહોંચેલ વૃધ્ધાની લાશ કાઢવામાં આવેલ અને સરકારી હોસ્પિટલે પીએમ માટે મોકલવામાં આવેલ અને તેઓના પરિવારોને જાણ કરવામાં આવેલ જેમાં પરિવાર દ્વારા જણાવેલ સવારના ૬:૩૦ વાગ્યે ઘરેથી નીકળેલ હતા સીરીનબેન રજબ અલી જેઠાણી ઉ ૭૮ બીમાર થી કંટાળી જતા આત્મહત્યા કરેલ હોવાનું બહાર આવ્યું છે.

# સામાકાંઠે આરટીઓ પાસે હુડકો ક્વાર્ટરમાથી દારુ તેમજ બિયરની ૧૦૬૭ બોટલો ઝડપાઈ

## દારુની બોટલો, કાર તેમજ બાઈક સહિત રૂા.૫.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે : બે આરોપી પકડાયા, એક ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આરટીઓ નજીક આવેલા હુડકો ક્વાર્ટરમા વિદેશી દારૂનો ધંધો કરતા બુટેલગર પર પોલીસે ઘોંસ બોલાવી હતી. દરોડામાં પોલીસે દારુની ૬૫૭ બોટલ જ્યારે બિયરની ૪૦૫ બોટલો ઝડપી હતી. તેમજ ૨ આરોપીને દબોચી પડ્યા હતા જ્યારે એક આરોપી દરોડા દરમિયાન જગ્યાએથી ફરાર થવાના સફળ રહ્યો હતો. પોલીસે કાર, બાઈક, મોબાઇલ તેમજ દારુ અને બિયરની ૧૦૬૭ બોટલો સહિત રૂ. ૫.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



મળતી માહિતી મુજબ, બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમી ના આધારે આરટીઓ નજીક આવેલા હુડકો ક્વાર્ટરમા દરોડો પાડયો હતો. દરોડા દરમીયાન પોલિસને જોઈ જતાં આરોપી વિનય ઉર્ફે ભુરો મનસુખભાઈ ડાભી (રહે નવાગામ રંગીલા) નાશી છૂટવામાં સફળ રહ્યા હતો. જે બાદ પોલીસ ટીમે બાતમી વાળા ક્વાર્ટરમા તપાસ કરતા તેમાંથી આરોપી તુષાર ઉર્ફે ભુરો સાવલાણી ઉ.વ. ૩૨ (રહે. આરટીઓ ઓફીસની બાજુમાં હુડકો ક્વાર્ટર )અને ધવલ સાકરીયા ઉવ.-૨૦ (રહે-ગોંડલ ભગવતપરા હરભોલે સોસાયટી શેરી નં.-૦૪ )ની અટક કરી મકાનમાંથી દારુ તેમજ બિયરની ૧૦૬૭ બોટલ ઝડપી પાડી હતી. તેમજ દારુની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી કાર તેમજ બાઈકને પણ કબ્જે લીધી હતી. પોલીસે કુલ રૂ. ૫.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતીમાન કર્યા હતા.

# યાજ્ઞિક રોડ પર યુવતી સાથે મજાક કરવા બાબતે બે ભાઈઓ પર જીવલેણ હુમલો

## સ્પામાં કામ કરતા યુવકને મજાક બાદ માફી માગવાનું કહેવા છતાં માફી નહીં માંગતા મારામારી સર્જાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યાજ્ઞિક રોડ પર આવેલા એક સ્પામાં કામ કરતો યુવક ત્યાંની એક યુવતી સાથે મજાક કરી રહ્યો હતો તે સમયે આ યુવતીનો મોબાઈલ ફોન ચાલુ હોય અને તેમાં એક શખ્સ મજાક સાંભળી જતા પેલા શખ્સે યુવતી પાસે માફી માંગવાનું કહેવા છતાં પણ યુવકે માફી માંગી ન હતી. જેથી ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ ત્યાં ધસી આવી યુવક અને તેના ભાઈ પર લાકડાના ધોકા અને છરી વડે ખુની હુમલો કરતા બંનેને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

હર્ષ રાજદેવ નામના યુવકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું બસસ્ટેન્ડ પાછળ



આવેલા બલોમી સ્પામાં કામ કરૂ છું. મારો ભાઈ ધ્રુવ યાશિક રોડ ઉપર આવેલા ક્રિસ્ટલ સ્પામાં કામ કરે છે. ગતરાત્રે ૯:૩૦ કલાકે મારા ભાઈનો ફોન આવ્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, હું મારી સાથે કામ કરતી જાનવી નામની યુવતિ સાથે મજાક કરી રહ્યો હતો. તે સમયે તેનો ફોન જયરાજસિંહ સાથે ચાલુ હતો અને જાનવીના ફોનનુ સ્પીકર ચાલુ હતું. મેં જાનવીને મજાકમાં તારી માસીનો ટાંગો તેમ કહેતા જયરાજસિંહ સાંભળી ગયો હતો અને મને ફોનમાં જ કહ્યું હતું કે, તે મને ગાળ દીધી છે, તો તું મારી માફી માંગ. જેથી મેં તેને કહ્યું કે, હું તને ગાળ નથી દેતો, હું તારી માફી માગીશ નહીં.

ત્યારબાદ જયરાજસિંહે મને કહ્યું કે, હું ત્યાં આવુ છું અને તને મારી નાખીશ. ભાઈએ ફોનમાં આવું કહેતા હું ત્યાં દોડી ગયો હતો. મારા ભાઈની ઓફિસની નીચે પહોંચતા ત્યાં મારા ભાઈનો મિત્ર વરૂણ નીચે ઊભો હતો. તેણે મને કહ્યું કે, તમારા ભાઈને ઉપર ત્રણ જણા મારે છે. જેને લઈને હું તેને છોડાવવા વચ્ચે પડયો તો મને પણ લાકડાના ધોક્કા વડે વાસાના તથા હાથના ભાગમાં માર માર્યો હતો. હું તેને ઉપર છોડાવા જતા તે લોકો મારા ભાઈને કાંઠલો પકડીને નીચે ઉતારીને જેમફાવે તેમ મારી રહ્યાં હોવાથી હું વચ્ચે પડી ભાઈને છોડાવા જતા ત્યાં જાનવી ઉભી હતી.

જાનવીએ સામેનો વ્યકિત જયરાજસિંહ હોવાનું કહેતા હું તેને કહેવા ગયો કે, કેમ મારા ભાઈને મારો છો? ત્યારે જયરાજસિંહે મને પણ એકદમથી ધોકા વડે ઘા માર્યા હતા અને તેની સાથે રહેલા બે વ્યક્તિમાંથી કોઈને છરી ો કાઢવાનું કહેતા તે વ્યક્તિ છરી કાઢીને મને મારતા ડાબા ભાગના કાનની સરે વાગ્યું હતું. મને લોહી નીકળવા છતાં મારાભાઈને આ લોકો ધોકા વડે માર મારતા હોવાથી ૧૦૦ નંબરમાં ફોન કરતા આરોપીઓ નાસી છૂટયા હતા. બાદમાં જાનવીને પૂછતાં જાણવા મળ્યું હતું કે, જયરાજસિંહ સાથે તેમનો ભાઈ ઋષિરાજ સિંહ અને રાજાભાઈ હતા. ત્યારે આ ત્રણેયે મને વિના કારણ માર માર્યો હોવાથી તેની સામે પગલાં લેવા મારી ફરિયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, ભોગ બનનારે પ્રથમ તો આરોપીઓ દ્વારા અચાનક હુમલો કરાયો હોવાનું જણાવાયું હતું. જોકે, બાદમાં પોલીસ સમક્ષ સમગ્ર હકીકત કબૂલી છે. ત્યારે હર્ષ રાજદેવની આ ફરિયાદ પરથી પોલીસ દ્વારા જયરાજસિંહ, ઋષિરાજસિંહ અને રાજાભાઈ સામે ગુનો નોંધી ત્રણેયને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ ફરિયાદી પણ અગાઉથી જે જાણકારી હતી, તે છુપાવવા પ્રયાસ કરતો હોવાનું સામે આવતા તેની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

# વિજળી બિલમાં મતદાનના સંદેશ થકી જસદણ પંથકના લોકોને કર્યા જાગૃત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને વધુને વધુ નાગરિકો મતદાનમાં સહભાગી બને તે માટે મતદાર જાગૃતિલક્ષી નવતર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જસદણ પંથકમાં વીજળી બિલ પરંતુ મતદાર જાગૃતિ સંદેશાઓ જેવા કે ''મતદાન જરૂર કરો અને કરાવો'', ''૧૦ મિનિટ દેશ માટે'' અને '' અમે અવશ્ય મતદાન કરીશું '' ''લોકશાહીના પર્વ પર મતદાન જરૂર કરીએ'' છાપી લોકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.



ઉપરાંત, જસદણ તાલુકાના આટકોટ ગામની કૈલાશ નગર શાળાના બાળકો દ્વારા મતદાર જાગૃતિ રેલી યોજી ગ્રામજનોને પવિત્ર મતદાનની ફરજમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદારો જાગૃત થઈ મતદાનની નૈતિક ફરજ બજાવે તે માટે ''સ્વીપ'' દ્વારા જાગૃતિલક્ષી કાર્યક્રમોના આયોજન કરવામાં આવી રહ્યા છે તેમ, સ્વીપના નોડલ તથા અધિક કલેકટર જિજ્ઞાસા ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ બેઠકની ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ–કર્મચારીઓની કામગીરીની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરતા કલેક્ટર પ્રભવ જોષી

## આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા ચૂંટણી અધિકારીની તાકીદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીએ કલેક્ટર કચેરી ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરી હતી. અને આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરી હતી.



આ બેઠકમાં કલેક્ટરએ ચૂંટણી સંબંધિત સાહિત્યના પ્રિન્ટીંગ, EPIC વિતરણની કામગીરી તથા પેન્ડીંગ ફોર્મ નિકાલ, પોલીંગ સ્ટાફને અને આવશ્યક સેવામાં જોડાયેલા કર્મચારીઓને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવા, ઈ-Vigil, NGSP ફરિયાદોના કવોલીટી નિકાલ, એપ્રિલથી જુન ૨૦૨૪ ના મહીના દરમ્યાન હીટ વેવની અસરને નિવારવા માટેના પગલા, ચૂંટણી કાર્યમાં રોકાયેલ તમામ કર્મચારીઓને અને સુરક્ષા દળોને કેશલેસ તબીબી સારવાર પાડવા તથા તમામ મતદાન મથકોએ પ્રાથમિક સારવાર કીટ ઉપલબ્ધ કરવા, તાલીમ સ્થળ તથા રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર ખાતે પ્રાથમિક સારવાર કીટ સાથે પેરા મેડીકલ ટીમ ઉપલબ્ધ, ચૂંટણીલક્ષી પ્રથમ, દ્વિતીય અને ત્રીજી તાલીમ ૦૫/૦૫/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવા, ઇ.વી.એમ. સ્ટ્રોંગરૂમ તૈયાર કરવા, બી.એલ.ઓ. મારફત મતદારોને મતદાન મથકની જાણકારી આપવા, મતદાનના એક અઠવાડીયા પહેલા બી.એલ.ઓ.ને એક દિવસ મતદાન મથકે બેસવા, આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા, મહત્તમ મતદાન માટે સોશ્યલ મીડિયાનો પ્રચુર ઉપયોગ કરવા વગેરે બાબતો વિષે સંબંધિત તમામને સૂચના આપી હતી.

આ સમીક્ષા બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે.મૂછાર, વિવિધ સમિતિઓના નોડલ ઓફિસર્સ સર્વશ્રી નવનાથ ગવ્હણે, સ્વપિનલ ખરે, નિશા ચૌધરી, જિજ્ઞાસા ગઢવી, ઈલા ચૌહાણ, ઈલા ગોહિલ, એ.કે.વસ્તાણી, રાજેશ્રી વંગવાણી, એ.એસ.માંડોત, ચાંદની પરમાર, સોનલ જોશીપુરા, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, વગેરે સામેલ થયા હતા.

# રાજકોટના ૭૨- જસદણ અને ૬૬- ટંકારા વિધાનસભા મતવિસ્તારમાં ''મતદાન જાગૃતિ'' અભિયાનનું આયોજન કરાયું

## વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશનના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે વિસ્તૃત માહિતી અપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત ભારતભરમાં ''મતદાન જાગૃતિ'' અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અન્વયે ૬૬-ટંકારા વિધાનસભા મતદાન વિસ્તારમાં આવેલી આર.ઓ.પટેલ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશનના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી. અને ''હું અવશ્ય મતદાન કરીશ''ના સંકલ્પ સાથે સિગ્નેચર ડ્રાઈવ યોજાઇ હતી. ૬૬ - વિધાનસભા મતદાન વિભાગના કેમ્પસ એમ્બેસેડર, સ્ટાફ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત રાજકોટના ૭૨ - જસદણ વિધાનસભા મતવિસ્તારમાં પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર વાજબી ભાવની સરકારી રાશનના દુકાનદારોએ ''મતદાન કરવા અને કરાવવા''ના શપથ ગ્રહણ કર્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જસદણના ગેસ્ટ હાઉસમાં ચાલતી જુગાર કલબ પર એલસીબી ટીમ ત્રાટકી

## પોલીસે સંચાલક શબ્બીર કથીરી સહિત આઠને દબોચી લીધાઃ ૧.૫૫ લાખની રોકડ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના ગુજરાત ગેસ્ટ હાઉસમાં ચાલતી જુગાર કલબ પર રૂરલ એલસીબીએ દરોડો પાડીને સંચાલક સહિત કુલ ૯ જુગારીઓને દબોચી લીધા હતા. પોલીસે રોકડ રૂ. ૧.૫૫ લાખ જપ્ત કરીને આરોપી સામે ધારા ધોરણની કાર્યવાહી હાથ ધરી હતી.



મળતી માહિતી મુજબ, રૂરલ એલસીબીને મળેલી બાતમીના આધારે જસદણમાં આવેલા ગુજરાત ગેસ્ટ હાઉસમાં ચાલતી જુગાર ક્લબ પર દરોડો પાડયો હતો જે દરોડામાં ક્લબ સંચાલક શબ્બીર કથીરી સહિત અફઝલ કથીરી, ઈમરાન પરીયાણી, આરીફ મેતર, ફરીદ નાગાણી, સલીમ સોલંકી, જગદીશ ગળીયા, અમન ડાયાતર, સુફીયાન પાયક પત્તા પ્રેમીઓની ઝડપી પડયા હતા. પોલીસે આરોપી પાસે રહેલ રૂ. ૧.૫૫ લાખની રોકડ જમ કરીને તમામ સામે ધારા ધોરણની કાર્યવાહી હાથ ધરી હતી.

# પોલીસ કમિશનર કચેરીને ક્ષત્રિય સમાજના આગેવાનોએ બાનમાં લઈ હલ્લાબોલ કર્યોઃ આકરી કલમ હટાવવાની માંગ

## રૂપાલાના પૂતળા દહન બાદ પોલીસના પગલાથી સૌરાષ્ટ્રમાં રાજપૂત સમાજનો રોષપૂર્ણ મોરચોઃ ત્રણ ક્ષત્રિય યુવાનો સામે ષડયંત્રો જેવી ગંભીર કલમો રૂપાલના ઈશારે લગાડવામાં આવી હોવાનો આક્ષેપ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રૂપાલા સામે દેખાવો કરીને પૂતળાદહન કરનાર ૩ની અટકાયત કરીને રૂપાલાના ઈશારે રાયોટીંગ, ષડયંત્રો, જાહેર મિલકતને નુકસાન જેવી આકરી કલમો લગાડવામાં આવતા રાજપૂત સમાજ લાલઘૂમ થયો હતો અને વિરોધ કરવા માટે પોલીસ સ્ટેશને ઉમટી પડયો હતો. બાદમાં પોલીસે ઉગ્ર વિરોધને જોતા આકરી કલમો હટાવવાની ફરજ પડી હતી.


ગઈ કાલે પરસોતમ રૂપાલાનું પુતળાદહન કરાયા બાદ તેમાં કરણી સેનાના ૩ કાર્યકરો ની અટકાયત કરી ૪૩૫ /૪, ૧૨૦ બી, ૧૮૮, રાયોટીંગ જેવી ૪ કલમો લગાડવામાં આવતા તેની સામે આજે પ્રનગર પોલીસ મથક સામે ક્ષત્રિય આગેવાનો અને કરણીસેનાની મહિલા પાંખના આગેવાનો અને કાર્યકરો એકઠા થઈ દેખાવો કર્યા હતા.

ષડયંત્ર અને સરકારી પ્રોપર્ટીને નુકસાન કરવાની કલમો લગાવવામાં આવી છે તે તાકિદથી રદ કરવાની માગણી સાથે દેખાવો કરાયા હતા. પોલીસ સામે પણ આક્રોશ વ્યકત કરતા સૂત્રોચ્ચાર કરણીસેનાની મહિલા પાંખ દ્વારા કરાયા હતા.

બાદમાં આ આગેવાનો પોલીસ કમિશનરની કચેરીએ દોડી ગયા હતા અને ત્યાં દેખાવો કરીને ધરણા ધર્યા હતા. પોલીસ કમિશનરને પણ અટકાયત મામલે રજૂઆતો કરવામાં આવી હતી. કડક કલમો લગાડવામાં આવી છે તેની સામે વિરોધ વ્યકત કરાયો હતો.રૂપાલા સામે ઉગ્ર આક્રોશ વ્યકત કરતા સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. આ દેખાવો બાદ પોલીસે નમતુ જોખીને જાહેર મિલકતને નુકસાન, કલમ ૪૩૫ કાઢી નાખી છે અને જાહેરનામા ભંગ અને રાયોટીંગની કલમ હેઠળ કાર્યવાહી કરી છે. ત્રણે આરોપી નરેન્દ્રસિંહ લાખુભા જાડેજા, મહેન્દ્રસિંહ ભીમદેવસિંહ પરમાર, નવલસિંહ અજીતસિંહ જાડેજાની જામીન મુકત કરાયા હતા.

# આટકોટના બળધોઈ ગામે કાર ચાલકે હડફેટે લેતા માસુમ બાળકનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



આટકોટ રાજકોટ ભાવનગર હાઈવે પર આવેલા બળધોઈ પાસે હાઈવ બળધોઈ પાસે પૂરપાટ ઝડપે ઘસી આવેલા કાર ચાલકે પાંચવડા ગામના ૮ વર્ષિય હક્ષ ટાઢાણીને અડફેટે લેતા બાળકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. પરિવારમાં કાળો કલ્પાંત સર્જ્યો હતો. મળતી માહિતી મુજબ, ભાવનગર હાઈવે પર બળધોય ડુંગર પાસે પૂરપાટ ઝડપે આવેલી ઘસી આવેલી કારના ચાલકે બાળકને અડફેટે લીધો કાબૂ ગુમાવતા ક્ષ વર્ષિય બાળકને અડફેટે લીધો હતો.ગંભીર રીતે ઘવાયેલા બાળકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી અને બાળકના મૃતદેહને પીએમ અર્થે જસદણ સરકારી હોસ્પીટલમાં ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. બાળકના મોતથી પરિવારમાં માતમ છવાયો હતો.

# દ્વારકા બંધ મકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા પરિવારના ચાર સભ્યો ભડથુ

## બે મહિલા, એક પુરુષ અને બાળકી સહિત ચાર આગની ઝપટમાં આવતા કરૂણાંતિકા સર્જાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકામાં આજે વહેલી સવારે કરણ ઘટના બનવા પામી હતીમ જેમાં સવારના ૦૪:૦૦ વાગ્યાના અરસામાં એક બંધ મકાનમાં પરિવાર સૂઈ રહ્યો હતો તે સમયે શોર્ટ સકિટના કારણે આગ લાગતાં ચારેય સભ્યો ગુંગળાઈ ગયા હતા. બાદમાં આગની લપેટમાં આવી જતા ચારેય ભડથું થઈ જતા કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. આ ઘટના બાદ સ્થળ પર પહોંચેલી પોલીસ ફાયર બ્રિગેડ સહિતની ટીમોએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



દ્વારકાના આદિત્ય રોડ ખાતે આવેલા એક રહેણાંક મકાનમાં આગ લાગી હતી. જેમાં ૪ લોકોના મોત નિપજ્યાં છે. જેમાં ૧ બાળકી, ૨ મહિલા, ૧ પુરુષનો સમાવેશ થાય છે. વહેલી સવારે અંદાજે ૪ વાગ્યાની આસપાસ ઘરમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. જેમાં દાદી, પતિ-પત્ની અને સાત માસની બાળકી ધુમાડાના કારણે ગયા બાદ આગની લપેટમાં આવી જતા ભડથુ થયા છે. ગૂગળી બ્રહ્મ સમાજના ચાર લોકોના મોંતથી સમાજમાં ગમગીની છવાઈ ગઈ છે. ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચેલા ફાયર બ્રિગેડ પાણી મારી કરી આગ બુજાવી હતી. બાદમાં રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું પરંતુ આ ઓપરેશન કામ લાગ્યું ન હતું. મકાનમાંથી ચારેય સભ્યોના ભડથું થયેલા મૃતદેહો હાથ લાગ્યા હતા બાદમાં તમામને પોસ્ટમોર્ટમ અર્થે ★ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે દ્વારકા હોસ્પિટલમાં સમાજના લોકો બહોળી સંખ્યામાં એકત્રિત થયા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી

મકાનમાં આગ લાગતા ગૂંગળામણને કારણે ૧ બાળકી, ૨ મહિલા, ૧ પુરુષના મોત થયા છે. પડોશીઓને આગની ઘટનાની જાણ થતાં તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી જેથી ફાયરની ટીમે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે હજી આગ લાગવાનું કારણ અકબંધ છે. મૃતદેહો સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. આગની ઘટનામાં એક જ પરિવારના ચાર સભ્યો ભડથું થઈ ગયા હતા. જેમાં મૃત્યુ પામેલા લોકોમાં પાવન કમલેશ ઉપાધ્યાય (ઉ.વ. ૩૦), તિથિ પાવન ઉપાધ્યાય (ઉ.વ.૨૭), ધ્યાના (ઉ.વ.૭ માસ), ભામિનીબેન કમલેશભાઈ ઉપાધ્યાય (પાવનના માતા)નો સમાવેશ થાય છે. હવે આ આગ લાગવાનું કારણ શું છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આખું મકાન આગની લપેટમાં આવી ગયેલ હોવાથી તમામ દીવાલોમાં કાળી ડીબાંગ થઈ ગયો છે જેથી આગનું કારણ જાણવા માટે પોલીસ દ્વારા ફોરેન્સિક ટીમની પણ મદદ લેવામાં આવી છે તેઓ દ્વારા ભાગનું સચોટ કારણ જાણવા માટે પ્રયાસ હાથ ધરાવે છે હાલ તો આ ઘટનાથી સમગ્ર દ્વારકા પંથકમાં ભારે અરેરાટી મચી જવા પામી છે.

# ગોંડલના શેમળા પાસે ટ્રકમાં રૂા.૧૨.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ગોંડલ તાલુકા પોલીસે બાતમીના આધારે અવધ ઈન્ડસ્ટ્રીઝના ગેઈટ પાસે વોચ ગોઠવી પુઠા બનાવવાના પાવડરની આડમાં છુપાવેલો દારૂ ભરેલો ટ્રક ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણીના કારણે સમગ્ર રાજ્યમાં પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. ખાસ કરીને હાઈવે પર અલગ-અલગ છાવણીઓ ઊભી કરવામાં આવી છે અને જિલ્લાની બોર્ડરો બેરીકિટથી સીલ કરવામાં આવી છે. તમામ પ્રકારના વાહનોને ચકાસણી બાદ આગળ જવા દેવામાં આવે છે. ત્યારે ગોંડલ તાલુકાના શેમળા ગામ પાસે આવેલા અવધ ઈન્ડસ્ટ્રીયલના ગેટ પાસે એક શંકાસ્પદ ટ્રક ને અટકાવી તાલુકા પોલીસે ચકાસણી કરતા પૂઠા બનાવવાના પાવડર ભરેલ કોથળીની આડમાં લઈ જવાતો ૧૨.૫૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા ગોંડલના બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે ગોંડલ તાલુકામાં ફરી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પડવામાં તાલુકા પોલીસ સફળ રહી છે. ગોંડલ તાલુકાના શેમળા પાસે આવેલ અવધ ઈન્ડસ્ટ્રીયલના ગેઈટ પાસેથી ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તાલુકા ડ્જઈ જે.એમ.ઝાલા, જીતેન્દ્રસિંહ વાળા, રવિરાજસિંહ વાળા, રણજિતભાઈ ધાંધલએ બાતમીના આધારે ટ્રકને રોકી ચેક કરતા, ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ- અલગ બ્રાન્ડની ૪૧૮૮ બોટલો કિં રૂ. ૧૨,૫૬,૪૦૦/- એક ટ્રક કિં રૂ. ૧૦ લાખ મળી કુલ ૨૨,૬૬,૪૦૦/-ના મુદામાલ સાથે ધર્મેશ ઉર્ફે ધમો મનસુખ મકવાણા (રહે માર્કેટિંગ યાર્ડ પાછળ, શિવશક્તિ સોસાયટી, ગોંડલ) સાદીક ઉર્ફે સાવજ જાની દલ (રહે. વોરકોટડા રોડ સરકારી આવાસ, ગોંડલ) વાળાને પકડી પાડી પ્રોહીબીશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામા આવેલ છે. પકડાયેલા બન્ને આરોપીની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.





# રૈયા ચોકડી પાસે સીટી બસ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સાથે ધડાકાભેર અથડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અવારનવાર સીટી બસના ચાલકો અકસ્માત સર્જી સરકારી મિલ્કતોને નુકસાન પહોંચાડી મુસાફરોને ઈજા પહોંચાડતા હોય છે. ત્યારે આજે સવારે રૈયા ચોકડી પાસે બીઆરટીએસ બસના ચાલકે કાબુ ગુમાવતા બસ ધડાકાભેર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સાથે અથડાઈ હતી અને ત્યાં હાજર મુસાફરોમાં દોડધામ મચી ગઇ હતી. બસ સ્પીડમાં બસ સ્ટેન્ડ સાથે અથડાતા બસનો એક ભાગનો કડુસલો બોલી ગયો હતો અને ત્યાં હાજર એક મહિલાને ઈજા પણ પહોંચી હતી.



# ધ્રાંગધ્રા પોલીસમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મી.નો આપઘાત

**મુખ્ય સમાચાર, ધ્રાંગધ્રા**

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી મહિલા પોલીસ કર્મચારીના આત્મહત્યાના કિસ્સ સતત વધતા જઈ રહ્યા છે ત્યારે હાલ ધ્રાંગધ્રા શહેરમાં પણ મહિલા પોલીસ કર્મચારી દ્વારા પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાનો મામલો સામે આવ્યો હતો. જેમાં



મહિલા કર્મચારી દ્વારા પોતાના ઘરે એકલા હોય ત્યારે કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. આ બાબતની જન થતાં જ અન્ય પોલીસ કર્મચારીઓ મહિલા કર્મચારીને તાત્કાલિક હોસ્પિટલ ખાતે લઈ જતા તબીબ દ્વારા મૃત ઘોષિત કરતા પીએમની પ્રક્રિયા હાથ ધરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જાણવા મળતી વિગતો અનુસાર ધ્રાંગધ્રા સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ નિભાવતા રીટાબેન ડાભી દ્વારા રવિવારે બપોરના સમયે પોતાના રહેણાક મકાને એકલા હોય ત્યારે ગળે ટૂંપો ખાઈ આત્મહત્યા કરી હતી જ્યારે અન્ય મહિલા પોલીસ કર્મચારી દ્વારા રીટાબેનને અનેક ફોન કરવા છતાં ફોન નહિ ઉઠાવતા તેઓના ભાઈને ફોન કર્યો હતો અને બાદમાં તેઓ ઘરે જઈને જોતા ઘરનો દરવાજો અંદરથી બંધ હોય જેને તોડીને જોતા રીટાબેન ડાભીની ગળેટૂંપો ખાધેલી લાશ મળતાં તાત્કાલિક અન્ય પોલીસ કર્મચારીને જાણ કરી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં હાજર તબીબ દ્વારા રીટાબેનને મૃત ઘોષિત કરતા પીએમની કાર્યવાહી હાથ ધરાઈ ડી વાય એસ પી, પી આઇ સહિતનો કાફલો ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે દોડી જઇ તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

# આજીડેમ ચોકડી પાસે રવિવારી બજારમાં ગુમ થયેલી બે બાળકીઓને પરિવાર સાથે મિલન કરાવતી પોલીસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા આજીડેમ ચોકડી પાસે દર રવિવારે ભરાતી ગુજરી બજારમાં ગઈકાલે બે બાળકીઓ પરિવારથી વીકુટી પડી ગયા બાદ આજુ ડેમ પોલીસના પી.એસ.આઇ સોલંકી સહિતના સ્ટાફે બંને બાળકોને શોધી પરિવારનું મિલન કરાવતા લાગણી ભરીયા દ્રશ્યો સર્જાયા હતા.



ગઈકાલે રવિવારે ની બજારમાં ખરીદી કરવા આવેલા પરિવારની છ વર્ષની પુત્રી સલોની અમરચંદ સહાની અને પાંચ વર્ષની પુત્રી નિધિ કમલેશ યાદવ નામની બંને બાળા માતા સાથે ગુજરી બજારમાં ખરીદી કરવા ગઈ હતી તે દરમિયાન લોકોની ભીડમાં આ બંને બાળા માતાથી વિખુટી પડી જતા આજીડેમ પોલીસ ને જાણ કરવામાં આવતા પીઆઇ એ બી જાડેજા એ બનાવની ગંભીરતાને સમજી તાત્કાલિક ધોરણે અલગ અલગ ટીમો બનાવી બંને બાળકીઓની શોધ કોડ હાજરી હતી તે દરમિયાન પીએસઆઇ એચ જે સોલંકી મહિલા કોન્સ્ટેબલ પૂજાબેન કોન્સ્ટેબલ હરેશભાઈ સહિત નો સ્ટાફ બાળાઓને શોધતા હતા ત્યારે આ બંને બાળકીઓ માનસરોવર પાર્ક શેરી નંબર ૨ માંડા ડુંગર પાસે હોવાની જાણ મળતા પોલીસની ટીમ ઉપરોક્ત સ્થળે દોડી જાય રવિવારીની બજારમાં વિખુટી પડેલી બંને બાળકોને એમ ખેમ પરિવાર સાથે સુખદ મિલન કરાવી પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કર્યું હતું

# કુવાડવા રોડ પર વાંકાનેર ચોકડી પાસે યુવાનની લાશ મળીઃ હત્યાની આશંકા

## કુવાડવા પોલીસના પી.આઈ રાઠોડ સહિતનો કાફલો દોડી ગયોઃ લાશનું ફોરેન્સિક પીએમ કરવા સરકારી હોસ્પિટલે ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા કુવાડવા ગામ પાસે વાંકાનેર ચોકડી નજીક એક યુવાનની માથાના ભાગે બોથળ પદાર્થના ગાજી કી હત્યા કરાયેલી લાશ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે બનાવના પગલે કુવાડવા પોલીસના પીઆઇ રાઠોડ સહિતના સ્ટાફે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.





અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ આજે સવારે કુવાડવા પોલીસને એક જાગૃત નાગરિક દ્વારા જાણ કરવામાં આવી હતી કે રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા કુવાડવા ગામ પાસે વાંકાનેર ચોકડી નજીક એક અજાણ્યા યુવાનની લાશ પડી હોવાની જાણ કરવામાં આવતા પી.આઈ વીઆર રાઠોડ રાઈટર અજીતભાઈ લોખિલ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા પોલીસે પ્રાથમિક તપાસ કરતા આ અજાણ્યો યુવાન એમપી બોર્ડર પર આવેલા વાટા ગામ નો હોવાનું અને મગરવાડા ગામે સેન્ટરિંગ કામ કરવા આવ્યો હોવાનું જાણવા મળ્યું છે આ યુવાન નું નામ વિનોદ હોવાનું અને તેના પત્ની તથા ત્રણ સંતાન વતન એમપીમાં રહેતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું આ યુવાનને માથાના ભાગે કોઈએ બોથળ પદાર્થના જગ્યાએ તેની હત્યા કર્યાની શંકાએ પોલીસે લાશને ફોરેન્સિક પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડી હતી વધુમાં મૃતક યુવાન વિનોદનો ભાઈ જામનગર રહેતો હોવાની પોલીસને જાણ થતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બોલાવવામાં આવ્યો છે.

# મોટી ટાંકી ચોક અને નાનામવા રોડ પર બે સ્પામાં યુવતીને ગેરકાયદે રાખવા બદલ સંચાલક સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટી ટાંકી ચોક પાસે આવેલ અનો સ્પા અને નાના મવા મેઈન રોડ પર આવેલ વિરલ સોસાયટીમાં આવેલ ડ્રીમ સ્પામાં ગેરકાયદેસર રીતે છોકરીઓને થેરાપીસ્ટ તરીકે કામ કરાવતા મળી આવતા પોલીસે બન્ને સ્પાના સંચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મોટી ટાંકી ચોક પાસે આવેલ પ્રતિભા કોમ્પ્લેક્ષના ચોથા માળે આવેલ અનો સ્પામાં તપાસ કરતા સ્પાનાં સંચાલકે આર્થીક ફાયદો મેળવવા અન્ય રાજયોની છોકરીઓને થેરાપીસ્ટ તરીકે કામ પર રાખી નજીકના પોલીસમાં જાણ ન કરેલ હોવાનું જાણવા મળતા સ્પાનાં સંચાલક શ્રીનાથસિંહ રામભજનસિંહ ભંડોલીયા સામે જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

જયારે માલવીયાનગર પોલીસે નાનામવા મેઈન રોડ પર મારવાડી બિલ્ડીંગની સામે વિરલ સોસાયટી શેરી નં.૧માં આવેલ ડ્રીમ સ્પામાં તપાસ કરતા ત્યાં પણ સંચાલકે આર્થીક ફાયદો મેળવવા અન્ય રાજયોની છોકરીઓને થેરાપીસ્ટ તરીકે કામ પર રાખી પોલીસ મથકમાં જાણ ન કરેલ હોવાનું જાણવા મળતા સ્પા સંચાલક પરેશ બાબુ ચૌહાણ (રહે. આશારામ આશ્રમ ન્યારી મેઈન રોડ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

તેમજ અમી પાર્ક મેઈન રોડ, હનુમાન મંદિરની બાજુમાં આવેલ મકાનમાં ચાલતા કારખાનામાં કામ પર રાખેલ પરપ્રાંતીય લોકોની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં ન કરાવતા કારખાનુ ચલાવતા સરીતાબેન આનંદ વાઘેલા રહે. સીટીકોટ યાર્ડ, સોપાન હાઈટસની બાજુમાં ડ્રીમ સીટી સામે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.